## શ્રી આર.જી.દેવધરા, ન્યાયાધીશ, કામદાર વીમા અદાલત, અમદાવાદ સમક્ષ.
## ઈ.એસ.આઈ.અરજી નં.૨૨/૨૦૨૪

**અરજદાર :** **મે. અદાણી ગ્રીન એનર્જી (યુપી) લીમીટેડ**
અદાણી કોર્પોરેશન હાઉસ,
ઠે. શાંતીગ્રામ, વૈષ્ણોદેવી સર્કલ પાસે,
એસ.જી.હાઈવે, અમદાવાદ.

**વિરૂધ્ધ,**

**સામાવાળા :** **રીજીયોનલ ડીરેકટરશ્રી,**
ઈ.એસ.આઈ. કોર્પોરેશન,
પંચદીપ ભવન, આશ્રમ રોડ,
અમદાવાદ.

**હાજર રહયા:–**
અરજદાર તરફે : વિધ્વાન વકીલશ્રી આર.કે.શાહ
સામાવાળા તરફે : વિધ્વાન વકીલશ્રી ટી.કે.લોલાડીયા

**–:: આંક–૨ હેઠળ હુકમ ::–**

**૧.** અરજદારે હાલની અરજી કામદાર રાજય વીમા ધારો, ૧૯૪૮ (કે જેનો હવે પછી ટુંકમાં 'ઈ.એસ.આઈ. એકટ તરીકે ઉલ્લેખ કરેલ છે) ની કલમ–૭૫ મુજબ આંક–૨ થી વચગાળાની અરજી સાથે સામાવાળા વિરુધ્ધ દાખલ કરી સામાવાળાનો ઈ.એસ.આઈ. એકટની કલમ–૪૫(એ) હેઠળનો તા.૧૪/૪/૨૦23 નાં રોજનો હુકમ તેમજ સી.પી.–૨ તા.૨૯/૨/૨૦૨૪ અન્વયે માંગણી કરેલ રૂા.૨,૭૫,૪૪૦/– ની રકમ આ અરજીનો નિર્ણય ન આવે ત્યાં સુધી આગળની કાર્યવાહી સામાવાળા કોર્પોરેશન ન કરે–કરાવે તેવો કામચલાઉ મનાઈ હુકમ આપવાની દાદ માંગેલ છે.

**૨.** અરજદારની મુળ અરજી તથા આંક–૨ ની મનાઈ અરજીના સમર્થનમાં સોગંદનામું તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ જે ધ્યાનમાં લીધા તથા બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા.

**૩.** આ કામે અગાઉના ન્યાયાધીશશ્રીએ આંક–૨ હેઠળ અંતરીમ આદેશ કરી અરજદારને કલમ–૪૫(એ) હેઠળના તા.૧૪/૪/૨૦૨૩ ના હુકમમાં ફાળા રૂા.૨,૧૩,૪૪૪/– તથા તા.૨૯/૨/૨૦૨૪ ના રોજ સી.પી.–૨ અન્વયે રૂા.૬૧,૯૪૮/– વ્યાજના કુલ મળી રૂા.૨,૭૫,૪૪૦/– ની વસુલાતની કાર્યવાહીના સંદર્ભે ઉપરોકત રકમના ૫૦% રકમ એટલે રૂા.૧,૩૭,૭૨૦/– (અંકે રૂપિયા એક લાખ સાડત્રીસ હજાર સાતસો વીસ પુરા) સામાવાળા સમક્ષ જમા કરાવવા અંગેના હુકમના સંદર્ભે અરજદારે આંક–૭ થી પુરસીસ સાથે ચેકની (ચેક નં.૧૬૪૦૯૯) નકલ રજૂ કરી જાહેર કરેલ છે કે, તેઓએ ઉપરોકત હુકમ મુજબ રૂા.૧,૩૭,૭૨૦/– (અંકે રૂપિયા એક લાખ સાડત્રીસ હજાર સાતસો વીસ પુરા) ચેકથી (ચેક નં.૧૬૪૦૯૯) તા.૨૬/૪/૨૦૨૪ ના રોજ જમા કરી દીધેલ છે. જે અંગેની ચેકની નકલ આ સાથે કોર્ટ રેકોર્ડમાં રજુ છે.

ઉપરોકત હકીકત અને બન્ને વિધ્વાન વકીલશ્રીઓની રજુઆતો ધ્યાને લેતાં અરજદારની આંક–૨ ની અરજીના પેરા નં.૪ મુજબ માંગેલી દાદ આંક–૧ અરજીની ફાઈનલ સુનાવણી સુધી અરજદાર વિરુધ્ધ ઉપરોકત રીકવરીની કાર્યવાહી સામે વચગાળાનો મનાઈ હુકમ આપવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**અમદાવાદ.**
**તા.૨૮/૧૦/૨૦૨૪**

**(રાજદીપસિંહ ગુમાનસિંહ દેવધરા)**
ન્યાયાધીશ,
કામદાર વીમા અદાલત,
અમદાવાદ.
કોડ નં.જીજે૦૦૪૪૨

પી.વી.ચુડાસમા, પી.એસ.